ગુજરાત તકેદારી આયોગને મળતા અહેવાલો સંદર્ભમાં વિભાગો દ્વારા રજૂ થતી પ્રકરણ નોંધોમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી માર્ગદર્શક સુચનાઓ બહાર બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
યાદી ક્રમાંક : ગતપ/૧૦૨૦૧૭/વીસી-૫૦/હ
સચિવાલય, ગાંધીનગર
તા. 19 JUL 2017

**વંચાણે લીધા:-**

ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગરની કચેરીનો પત્ર ક્રમાંક: મકમ-૧૦-૨૦૧૬-૭૮૭૭૩૯-ફ, તા.૧૯/૦૬/૨૦૧૭.

**પરિપત્ર:-**

આમુખમાં દર્શાવેલ ગુજરાત તકેદારી આયોગના તા.૧૯/૦૬/૨૦૧૭ના પત્રથી આયોગે સૂચવ્યા મુજબ સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશન તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓ ધ્વારા આયોગને મળતા અહેવાલો, જવાબદારી પત્રકો, પુરાવા પત્રકો વિનાના અને આક્ષેપોની ગંભીરતા કેવી છે તેના નિર્દેશ વિનાના હોય છે અને ઘણી વખત આક્ષેપિત સામે કાર્યવાહી શક્ય છે કે કેમ? તેની કોઈ વિગતો પણ વિભાગની પ્રકરણનોંધમાં હોતી નથી, જેના પરિણામે વિભાગને ભલામણ આપવા સંબંધમાં તારણ ઉપર આવવું મુશ્કેલ બને છે. આમ ન બને તે માટે હવે પછી ગુજરાત તકેદારી આયોગને ભલામણ માટે રજૂ કરવામાં આવતા અહેવાલોમાં નીચેના પત્રકોમાં વિગતો રજૂ કરવાની રહેશે:-

(૧) જવાબદારી પત્રક

| આરોપ/ક્ષતિ | પ્રાથમિક તપાસનાં તારણો | વિભાગનું મંતવ્ય | વિભાગના તાંત્રિક એકમનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

(૨) પુરાવા પત્રક

| આરોપ/ક્ષતિ | પ્રાથમિક તપાસમાં મળેલ પુરાવા | આક્ષેપિતનો ખુલાસો | વિભાગનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

(૩) આક્ષેપોની ગંભીરતા (કારણો સહિત) દર્શાવતું પત્રક

| આરોપ/ક્ષતિ | આક્ષેપોની ગંભીરતા અંગે પ્રાથમિક તપાસ અધિકારીનો અભિપ્રાય | વિભાગનો અભિપ્રાય |
|---|---|---|
| ૧ | ૨ | ૪ |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |

(૪) આક્ષેપિતની વિગતો

| આક્ષેપિતનું નામ અને હોદ્દો | નિવૃત્તિની તારીખ | બનાવની તારીખ | કાર્યવાહી શક્ય છે કે કેમ? |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |

**<u>રીમાર્ક્સ</u>**

૧. આક્ષેપિત એક જ હોય તો એક પત્રકમાં વિગતો રજૂ કરી શકાશે.

૨. આક્ષેપિત વધારે હોય પણ ક્ષતિ/આક્ષેપ સમાન હોય તો પણ એક પત્રકમાં વિગતો રજૂ કરી શકાશે.

૩. જો આક્ષેપિતો એક કરતાં વધારે હોય અને ક્ષતિ આક્ષેપ જુદા જુદા હોય તો આક્ષેપિતવાર સ્ટેટમેન્ટ અલગ બનાવવાનાં રહેશે.

ગુજરાત તકેદારી આયોગ દ્વારા અપાયેલ ઉપર્યુક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.તાડા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર.
ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ,
ગૃહ વિભાગની સર્વે વહીવટી શાખાઓ.
શાખા સિલેક્ટ ફાઇલ.
ના.સે.અ. સિલેક્ટ ફાઇલ